E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)


* Volume : 10 * Issue No. 337 * Date: 27.09.2024,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ગુજરાતમાં 3 દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી



મધ્ય મહારાષ્ટ્ર પર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતા હવામાન વિભાગ દ્વારા ગુજરાત રાજ્યમાં આગામી ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. તેમાં પણ ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં આગામી ત્રણ દિવસ ભારે વરસાદની શક્યતા છે. જ્યારે મધ્ય ગુજરાત એટલે કે, અમદાવાદ સહિત આસપાસના જિલ્લાઓમાં મધ્યમથી ભારે વરસાદ થઈ શકે છે. વલસાડમાં આજે રેડ એલર્ટ આપવામાં આવ્યું છે.હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે, દાસના જણાવ્યા અનુસાર હાલમાં મધ્ય મહારાષ્ટ્ર ઉપર એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે. જેને કારણે આજે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારેથી ભારે વરસાદની શક્યતા છે. જ્યારે સૌરાષ્ટ્રમાં પણ કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા છે. આ સાયક્લોનિક સર્ક્યુલેશનની અસરને પગલે આજે વલસાડમાં રેડ એલર્ટ તો સુરત, નવસારી, તાપી, ડાંગ જેવા જિલ્લાઓમાં યલો જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે જ સૌરાષ્ટ્રના અમરેલીમાં પણ ભારે વરસાદની આગાહીને પગલે જાહેર કરવામાં આવ્યું છે.હવામાન વિભાગની આગાહીને પગલે ગઈકાલે અમદાવાદ સહિત રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે ભારે પવન ફૂંકાવાની સાથે સાથે વરસાદ વરસ્યો હતો. ત્યારે આજે પણ અમદાવાદ શહેરમાં હવામાન વિભાગ દ્વારા હળવાથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદીઓ ૩૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં શેકાયા બાદ અને બફારાનો અનુભવ કર્યા બાદ ગઈકાલે સાંજથી જ વરસાદી માહોલ વચ્ચે ઠંડકનો અનુભવ થયો હતો.જેને કારણે છેલ્લા ૨૪ કલાક દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો હતો. જો કે, હજુ પણ સામાન્ય તાપમાન કરતા લઘુત્તમ તાપમાન ૦.૬ ડિગ્રી સેલ્સિયસ વધુ રહ્યું હતું. જ્યારે આજે પણ વહેલી સવારથી જ અમદાવાદ શહેરના વાતાવરણમાં ભેજ રહેવાને કારણે બફારાનો અનુભવ થઈ રહ્યો છે. પરંતુ સાંજ પડતા જ વરસાદની શક્યતા છે.વડોદરામાં ગઈકાલે(૨૫ સપ્ટેમ્બરે) મોડી સાંજે ૧૧૦ કિમીની ઝડપે પવન ફૂંકાતા ૨૦ મિનિટમાં તબાહી મચી ગઈ હતી. ૪ ઈંચ વરસાદથી ઠેર ઠેર પાણી ભરાયા હતા. સાંજે ૬ વાગ્યે વાવાઝોડા અને વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ પડ્યો હતો. અનેક સ્થળોએ વસ્તુઓ હવામાં ઊડતી જોવા મળી હતી. એક રેસ્ટોરન્ટ પાસે આખેઆખી કેબિન ઊડીને દૂર ફેંકાઈ ગઈ હતી. આ ઘટના ઝઝ્ફમાં કેદ થઈ ગઈ હતી. સાંજે ૨૦ મિનિટ પવનની ઝડપ ૧૧૦ કિમીએ જતા ૩૦૦થી વધુ વૃક્ષ ધરાશાયી થયાં છે. જ્યુબિલીબાગ સહિત ૩ સ્થળે વીજ થાંભલા પડ્યા હતા. જ્યારે વાવાઝોડાને કારણે ચાર લોકોના મોત થયા છે. સાંજે ૬થી રાતના ૮ સુધીમાં ૩ ઈંચ વરસાદ પડતાં ચાર દરવાજા સહિત ૨૦થી વધુ વિસ્તારમાં પાણી ભરાયા હતાં.

## શેરબજારમાં બુલ રન, સેન્સેક્સે ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો, નિફ્ટી પણ ૨૬૨૫૦ ક્રોસ થયો



શેરબજારમાં આજે એફએન્ડઓ એક્સપાયરી વચ્ચે ધૂમ ખરીદી જોવા મળી છે. સેન્સેક્સ ૭૬૦ પોઈન્ટ ઉછળી ૮૬૦૦૦ નજીક ૮૫૯૩૦.૪૩ની ઐતિહાસિક ટોચે પહોંચ્યો છે. નિફ્ટી પણ અત્યંત મહત્ત્વની ૨૬૨૫૦ની સપાટી ક્રોસ કરી રેકોર્ડ ટોચ નોંધાવી છે. રોકાણકારોની મૂડી ૨ લાખ કરોડ વધી છે. સેન્સેક્સ ૬૬૬.૨૫ પોઈન્ટ ઉછળ્યા બાદ ૮૫૮૩૬.૧૨ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૧૧.૯૦ પોઈન્ટ ઉછળી ૨૬૨૧૬.૦૫ પર બંધ રહ્યો હતો.

વૈશ્વિક સ્તરે જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ વચ્ચે પણ ભારતીય શેરબજાર સળંગ પાંચ ટ્રેડિંગ સેશનથી રોજ નવી રેકોર્ડ ટોચ બનાવી રહ્યા છે. અમેરિકી ફેડ દ્વારા વ્યાજના દરોમાં ઘટાડાની જાહેરાતથી અમેરિકી, એશિયન અને ભારતીય શેરબજાર આકર્ષક તેજી સાથે આગેકૂચ કરી રહ્યા છે.એફએન્ડઓ સેટલમેન્ટ દરમિયાન મેટલ અને ઓટો શેર્સમાં વોલ્યૂમ વધ્યા હતા. પરિણામે ઈન્ડેક્સ ૨ ટકાથી વધુ ઉછાળે ટ્રેડ થઈ રહ્યા છે. આ સિવાય સારા વરસાદના કારણે કોમોડિટીમાં તેજીની શક્યતાઓ સાથે ઉછાળો જોવા મળ્યો છે. બીએસઈ ખાતે ૩.૨૨ વાગ્યે કુલ ટ્રેડેડ ૪૦૭૨ શેર્સમાંથી ૧૬૬૮માં સુધારો અને ૨૨૮૪માં ઘટાડો જોવા મળ્યો હતો. જે માર્કેટ બ્રેડ્થ નેગેટિવ દર્શાવે છે.

## અમરેલી જિલ્લાના 'આધાર' કેન્દ્રો પર લોકો બન્યા 'નિરાધાર', જન સેવા કેન્દ્રો પર જોવા મળ્યો જનાક્રોશ

ભારતમાં આધારકાર્ડ એક મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ છે, જેના વિના નાગરિકોના ઘણા કામ અટવાઈ શકે છે. ત્યારે ગુજરાતના અમરેલીમાં સ્થાનિકોને આધારકાર્ડની કામગીરી કરાવવા માટે પણ ચંપલ ઘસવા પડે છે. જિલ્લાના મોટાભાગના તાલુકા મથકે આધારકાર્ડની કામગીરી ઠપ હોવાના કારણે સ્થાનિકોના આધારકાર્ડથી થતાં કામ અટકી ગયા છે. વારંવાર રજૂઆત છતાં તંત્રએ આંખ આડા કાન કરી દીધા છે, જેનાથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.છેલ્લા ઘણા સમયથી અમરેલીના મોટાભાગના તાલુકા મથકે આધારકાર્ડને લગતી કામગીરી કરવામાં આવતી નથી. લોકોને વારંવાર આધારકાર્ડના સેન્ટરો પર ધક્કો ખાવો પડે છે. લાંબા સમયથી એજન્સી દ્વારા આધારકાર્ડ સેન્ટર પર ઓપરેટરોની નિમણૂક કરવામાં આવી નથી, જેના કારણે અનેક સેન્ટરો પર આધારકાર્ડની કામગીરી બંધ છે. હાલ સાવરકુંડલાના મામલતદારે હંગામી ધોરણે રાજુલાથી ઓપરેટરોને બોલાવી આધારકાર્ડની કામગીરી શરુ કરી છે. આધારકાર્ડની કામગીરી માટે સાવરકુંડલા જઈને પણ સ્થાનિકોને ધક્કા જ ખાવા પડે છે. સાવરકુંડલામાં લોકોનો ઘસારો વધુ હોવાના કારણે હાજર તમામ લોકોના કામ થઈ શકતા નથી. રાજુલા, જાફરાબાદ અને ખાંભા સહિતના ઘણા તાલુકામાંથી અરજદારો સાવરકુંડલા આવીને પોતાની કામગીરી કરાવે છે. જેના કારણે સ્થાનિકો તેમજ ઓપરેટરો બન્નેને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આધારકાર્ડને લઈને પડી રહેલી મુશ્કેલી વિશે બોઘરિયામી ગામના રહેવાસી શૈલેશ સાવલિયાએ રોષ ઠાલવ્યો હતો. શૈલેષ



સાવલિયાએ કહ્યું કે, છેલ્લા ત્રણ દિવસથી રોજ ધક્કા ખાવા પડે છે, છતાં હજુ સુધી કામ થયું નથી. આટલા દૂરથી આવીને વરસાદમાં પલળતાં-પલળતાં રાહ જોઈએ છીએ. આખોય દિવસ બગડે છે, કામ-ધંધા પણ બંધ રહે છે અને આધારકાર્ડનું પણ કામ થતું નથી.

આ સિવાય ગાધકડા ગામના રહેવાસી ત્રિભુવન ડોબરિયાએ જણાવ્યું કે, ગઈ કાલે ટોકન આપ્યું અને આજે આવ્યો તો કહે છે કે, ચાર દિવસ માટે કેન્દ્ર બંધ છે. ગઈ કાલે ટોકન લેવા આવ્યો ત્યારે જ જણાવ્યું હોત કે, ચાર દિવસ માટે કેન્દ્ર બંધ છે, તો ધક્કા ના ખાત ને.ચાર દિવસથી દરરોજ ધક્કા ખાતા લુવારા ગામના દિનેશભાઈએ જણાવ્યું કે, 'છેલ્લા ત્રણ દિવસથી ધક્કા ખાઈ રહ્યો છું. દરરોજ ૪૦ લોકોને ટોકન આપવામાં આવે છે, તેમ છતાં રોજ અહીં ૧૦૦થી વધુ લોકો આવી જાય છે. બાકીના લોકોને ધક્કા ખાવા પડે છે. સરકાર આધાર કેન્દ્રની સેવા શરુ કરે, પણ લોકોના કામ જ ન થાય તો શું કરવાનું.

## પાકિસ્તાની યુવતી સાથે ઈન્સ્ટાગ્રામ પર પ્રેમ, ગૂગલ મેપથી પહોંચ્યો કાશ્મીરથી કચ્છ...



'મુઝે પાકિસ્તાન જાના હૈ, વિઝા કહાં સે મિલેગા?' ભુજના ખાવડામાં એસ.ટી બસમાંથી ઉતરેલાં પહેલી નજરે કાશ્મીર જેવા દેખાતા યુવકે પોલીસ કર્મચારીને આ સવાલ પૂછ્યો હતો. ૪૪ વર્ષનો ઈમ્તિયાઝ શેખ પાકિસ્તાનના પંજાબ પ્રાંતની આલિયા નામની યુવતીના એકતરફી પ્રેમમાં પાગલ બન્યો હતો. પાકિસ્તાન જવા નીકળેલો યુવક કાશ્મીરથી ગૂગલ મેપના આધારે કચ્છ સરહદ પહોંચ્યો હતો, જ્યાં તેણે પોલીસ કર્મીને પાકિસ્તાનના વિઝા વિશે પ્રશ્ન પૂછતાં કચ્છ પોલીસે અને બીએસએફએ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન એકતરફી પ્રેમની વાત ખબર પડતાં અધિકારીઓએ યુવકને પોતોના વતન કાશ્મીર પાછો મોકલી દીધો હતો.

કાશ્મીરના ગોડજહાંગીર ગામનો યુવક ઈન્સ્ટાગ્રામ પર ડૉક્ટર આલિયા સાહેબ નામની આઈડીના એકતરફી પ્રેમમાં પડ્યો હતો. જેથી, તે ગૂગલ મેપના આધારે પાકિસ્તાનના પંજાબમાં પોતાની પ્રેમિકાને મળવા નીકળ્યો હતો. ગૂગલ મેપના આધારે અમદાવાદ, વડોદરા બાદ તે ભૂજ થઈને ખાવડા પહોંચ્યો હતો. કચ્છ સરહદના ખાવડામાં ઉતરતા જ સ્થાનિક પોલીસ પાસે જઈને પાકિસ્તાનના વિઝા માંગતા પોલીસ ચોંકી ગઈ હતી.

કાશ્મીરથી પાકિસ્તાન જવા નીકળેલા ઈમ્તિયાઝ શેખ નામના યુવકે પોલીસ સહિતની તપાસ એજન્સીઓએ ઊંડાણપૂર્વક પૂછપરછ કરી હતી. ત્યારે યુવકના પરિવારજને જણાવ્યું કે, તે એકતરફી પ્રેમમાં માનસિક વિચલિત હોવાનું અને ઘરેથી કોઈને જાણ કર્યા વિના નીકળી ગયો છે. તપાસ દરમિયાન યુવક પાસેથી કોઈપણ વાંધાજનક ચીજ વસ્તુ મળી ન હતી. ત્યાર બાદ ખાવડા પોલીસે માર્ગદર્શન આપી ઈમ્તિાઝને તેના વતન કાશ્મીર મોકલી દીધો.

ખાવડા પોલીસના જણાવ્યા અનુસાર, મંગળવારે સવારે ૧૧ વાગ્યે ભુજથી ખાવડા બસ આવી ત્યારે ખાવડા ચોકડી પર સિવિલ ડ્રેસમાં પોલીસ સ્ટાફ ઉભો હતો.

## સુરત નજીક ભયંકર અકસ્માત, આરોપીને લઈ જતી રાજકોટ પોલીસની કારને આઈશરે મારી ટક્કર, ૧નું મોત

રાજકોટ જિલ્લા ન્ઝ્મ પોલીસની ટીમ સુરતથી આરોપીને લઈ જઈ રહ્યાં હતા ત્યારે નાના બોરસરા ગામ નજીક આઈશરે ટેમ્પાએ પોલીસની કારને પાછળથી ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ઘટનામાં એક પોલીસકર્મીનું મોત નીપજ્યું છે, જ્યારે એક આરોપી સહિત ત્રણ પોલીસકર્મી ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે. સુરતના નાના બોરસરા ગામ નજીક રાજકોટ પોલીસની કાર અને આઈશર ટેમ્પા વચ્ચે ગમખ્વાર



અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ઘટના સ્થળે લોકો એકઠા થયા હતા અને પોલીસ કારમાં બેઠેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાં એક પોલીસકર્મીનું મોત અને ચાર લોકો ઈજાગ્રસ્ત થતા તેમને અંકલેશ્વરની જયાબા હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે.

## તંત્રી સ્થાનેથી..

# લીમડાના પાન માત્ર વાનગીઓમાં જ નહીં પરંતુ સાફસફાઈમાં પણ ખૂબ જ ફાયદાકારક

સામાન્ય રીતે દરેક ભારતીય રસોડામાં લીમડાના પાનનો ઉપયોગ થતો જ હોય છે. અનેક પ્રકારની વાનગી તેમજ ઔષધીય ગુણો હોવાથી લીમડાના પણ સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક છે. તેમજ લોકો વાળને લગતી સમસ્યો દુર કરવા માટે પણ લીમડાના પાનનો ઉપયોગ કરે છે. પરંતુ શું તમે ક્યારેય આ પાંદડાઓનો ઉપયોગ સફાઈ કામમાં થતો જોયો છે? જો નહીં, તો એકવાર આ ઉપાય જરૂર અજમાવો. આ ઉપાયની મદદથી તમે કાળા પડી ગયેલા વાસણોને ફરી એકવાર ચમકદાર બનાવી શકો છો.

જો કોઈ વાસણ વધુ પડતા ઉપયોગથી અથવા બળી જવાથી કાળું થઈ ગયું હોય તો તેને લીમડાના પાંદડાથી સાફ કરો. આ માટે તમારે મુઠ્ઠીભર લીમડાના પાન લેવા પડશે. પાન તાજા હોવા જોઈએ. આ પછી, આ પાંદડાને પીસીને પેસ્ટ બનાવો, આ પેસ્ટમાં નારિયેળ તેલ ઉમેરો અને સ્મૂધ પેસ્ટ બનાવો. તમારી પોલિશિંગ પેસ્ટ તૈયાર છે. આ પેસ્ટને વાસણ પર લગાવીને ઘસો. થોડા ટાઈમ ઘસ્યા બાદ વાસણ પર આ પેસ્ટ લગાવીને ૧૫ મિનિટ માટે છોડી દો. ત્યારબાદ વાસણને ભીના કપડાથી પહેલા લૂછીને સાફ કરો અને પછી ચોખ્ખા પાણી વડે ધોઈ નાખો.

# ફરી એકવાર

ઉંમર થાય એટલે કાનમાં સાંભળવાની તકલીફ થાય એ સ્વભાવિક છે. મોટાભાગના લોકો કાનમાં સાંભળવાનું મશીન મૂકે છે. બાળકો માથું ખાઈ ગયા એટલે ગયા અઠવાડિયે બતાવવા ગઈ હતી. મશીન આવતા બીજા પંદર દિવસની વાર હતી.

મને નહોતું લાગતું કે સાંભળવાની તકલીફ છે. બાળકો સામે નમતું જોખ્યું. ભાવ સાંભળીને આંચકો લાગ્યો કિંતુ એ બહુ મોટી વાત ન હતી.

બે વર્ષે બાળપણની સહેલી આવી હતી. વાતો ખૂટતી ન હતી. અચાનક કહે,' હું અમેરિકા ગઈ ત્યારે મારા દીકરાની બાજુમાં રહેતી એક સ્ત્રી, લગભગ આપણી ઉંમરની છે તે પાંચમી વાર પરણે છે. '

મારા હાથમાં ચાનો કપ હતો. સારું થયું કે હાથ માંથી નીચે ન પડ્યો. તરત બાજુની ખુરશીમાં બેસી ગઈ અને કપ ટેબલ પર મૂકી બોલી, 'શું કહ્યું, ફરીથી બોલ' ?

મને કહે તે સાચું સાંભળ્યું છે.

અમેરિકા લગભગ દસ વાર ગઈ છું. ભારતીય સ્ત્રીઓ મારી ઉંમરની છે. તેની સાથે દોસ્તી કરી છે. ભારત આવે ત્યારે સુંદર મહેમાનગતિ માણી પાછા જાય છે. મારી બહેનપણી પણ એ ગામમાં ગઈ હતી.

'તેનું નામ તું જાણે છે'?

'હા.'

'ડોક્ટર સુલેખા દોશી. '

'અરે, એને તો હું ઓળખું છું. બે વખત મારે જરૂર પડી હતી ત્યારે વીમી ( મારા દીકરાની વહુ) તેની પાસે મને લઈ ગઈ હતી'.

'તેને બાળકો છે".?

'ના'.

મારા મુખેથી 'હાશકારો' નીકળી ગયો.

'તું એની આખી રામાયણ જાણે છે' ?

'હા,'

'કેવી રીતે'.

મારાથી ત્રીજું મકાન તેનું છે.

'ચાલો ચા નાસ્તો કરતા મને આખી વાત જણાવો'.

'ડોક્ટર સુલેખા પરણીને દસ વર્ષ સુધી બાળકો ન થયા. તપાસ કરતા જણાયું, તેના વર માં વાંધો હતો. પાંચેક વર્ષ રખડી ખાધું. કોઈ ડોક્ટર મળી ગયો. ખૂબ ઝઘડા થતા હતા. બંનેનો અહમ ટકરાયો .ત્રીજી વાર પરણી તેના બાળકો દીઠા ગમતા ન હતા. એક વાત કહું, હસતી નહી.'

ચારમાંથી એક પણ હજુ ભગવાનને ત્યાં નથી ગયો.

ખરેખર હસવું મારા મુખ પર ફરકી ગયું.
હવે ચોથા સાથે શું થયું?

તેને કોઈ બીજી મળી ગઈ.


'દે તાલી'.
૭૦ ઉપર થઈ ગયા છે. પાંચમાં ભાઈ ૭૯ વર્ષના છે. તબિયત મજામાં છે એટલે પરણવાનું નક્કી કર્યું છે.
આટલા બધા બકરા પાસેથી કેટલા પૈસા બનાવ્યા ?

તારા માનવામાં નહીં આવે, સુલેખા શાણી છે. લગ્ન પહેલાં કાગળિયા પર સહી કરે છે 'ન ફાવે તો છૂટા થઈ જવાનું. પૈસાની લેવડ દેવડ નહીં.' એને કદાચ ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ જોઈતું લાગે છે.

બસ હવે આ મહાભારત બંધ કર. આજનો દિવસ પસાર થઈ ગયો. મારે રસોઈ કરવાનું મોડું થાય છે.

**પ્રવિણા, કડકીયા, અમેરીકા**

# ફતેસિંહરાવ સાર્વજનિક પુસ્તકાલયમાં હિન્દી દિવસ નિમિત્તે "ગોદાન"નું વિવેચન અને 'હિરા માવાની વાડી' અને 'વિડીયો શુટીંગ' પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું




પાટણની ઐતિહાસિક અને ગુજરાતની વિશિષ્ટ લાઈબ્રેરી શ્રીમંત ફતેહસિંહરાવ સાર્વજનિક પુસ્તકાલયમાં સ્વ.કિર્તીકુમાર જયસુખરામ પારધીના સૌજન્યથી ચાલતા 'મને જાણો' કાર્યક્રમ અંતર્ગત રાષ્ટ્રીય હિન્દી દિવસની ઉજવણીના ભાગરુપે રવિવારે સાંજે પ્રોફેસર અરુણભાઈ ત્રિવેદીના અધ્યક્ષસ્થાને હિન્દી ભાષાના સર્વશ્રેષ્ઠ કવિ પ્રેમચંદજીના ઉપન્યાસ "ગોદાન" પુસ્તકનું વિવેચન ભૂદરભાઈ શિરવાડીયા દ્વારા હિન્દી ભાષામાં કરવામાં આવ્યું. ગોદાન પુસ્તક વિશે તેઓએ ૧૯૩૬ના વર્ષમાં ગ્રામકક્ષાએ ચાલતા સામાજીક દુર્દશાના વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડયો હતો. ગામના શોષીત, પીડીત, મહિલાઓની કિસાનોની વાતો કરતા કહ્યું હતું કે, તેઓને જમીનદાર, હવસખોરો, વહીવટદારો, પંચાયતીયાઓ વિગેરે કેવી રીતે શોષણ કરતા હતા. તે સમયે ગાયનું કેટલુ મહત્વ હતું તે વિશેની માહિતી ખૂબ જ સચોટ રીતે આપી હતી.

આ પ્રસંગે લાઈબ્રેરીનાં 'મને જાણો' પરિવારના પ્રોફેસર ડૉ.ભરતભાઈ સોલંકી દ્વારા લખાયેલા બે પુસ્તકો ''હિરા માવાની વાડી'' નવલિકા અને ''વિડીયો શુટીંગ'' કે જે ટૂંકી વાર્તાઓ છે તેનું પ્રકાશન અરુણભાઈ ત્રિવેદી, જયેશભાઈ વ્યાસ, ડૉ. શૈલેષ સોમપુરા તથા નગીનભાઈ ડોડીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. તમામ શ્રોતાઓએ ભરતભાઈને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ગણેશ વિસર્જન સમયે પ્રજાપતિ સમાજમાં બનેલી દુઃખદ ઘટનાને પગલે મૃત્યુ પામેલા સ્વજનોને બે મીનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી...સમગ્ર કાર્યક્રમનું સંચાલન હિન્દી ભાષામાં ડો.શૈલેષ સોમપુરા દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધી ડો.વિમલભાઈ ખમારે કરી હતી.



રોટરી કલબ ઑફ મુંબઈ કાંદિવલી વેસ્ટના પ્રમુખ દેવસિંહ સહાની, સેક્રેટરી રઘુનાથ પ્રભુ, સુનીતા હિરેલેકર વગેરે દ્વારા આયોજિત ઉડાન રોટરી ડિસ્ટ્રિક્ટની ઈન્ટ્રેક્ટર્સ માટેની ઈવેન્ટમાં ૮૩ જણ હતા. આરવીઈએસ ઈન્ટ્રેક્ટર કલબે પ્રથમ ટ્રોફી, કપોળ વિદ્યા નિધિએ બીજી ટ્રોફી જીતી હતી. આ ઈવેન્ટમાં મ્યુઝિક, કલાકારી હાટ સહિત અનેક સ્પર્ધા હતી. ડૉ. એન ડી પાટીલ સ્કૂલે પણ ભાગ લીધો હતો.

# હળવદ મહિલા મંડળ, મુંબઈના રાસ ગરબા

હળવદ મહિલા મંડળ, મુંબઈ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૫.૧૦.૨૦૨૪, શનિવારે બપોરે ૩ થી ૬ વાગ્યા સુધી પ્રબોધન ઠાકરે હૉલ, શાહજી રાજે માર્ગ, ભૂતા સ્કૂલની સામે, પાર્લે ફેકટરી નજીક, વિલે પાર્લે વેસ્ટ ખાતે નવરાત્રિના રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. મંડળ દ્વારા લહાણી પણ આપશે અને ફરાળી ભોજનની વ્યવસ્થા પણ કરાશે. વધુ વિગત માટે પ્રમુખ જયશ્રીબહેન ચૌહાણ કે અન્ય હોદ્દેદારોનો સંપર્ક કરવો.

# માનવ એકતા અને વિશ્વ શાંતિ ના પ્રણ સાથે ૨૮ મો વિશ્વ આધ્યાત્મિક સંમેલનનું સફળતાપૂર્વક સમાપન

સાવન કૃપાલ રુહાની મિશન ના પ્રમુખ સંત રાજીન્દર સિંહજી મહારાજની અધ્યક્ષતામાં કૃપાલબાગ અને સંત દર્શન સિંહજી ધામ, બુરાડીમાં એક અઠવાડિયા માટે ૨૮ માં વિશ્વ આધ્યાત્મિક સંમેલન નું આયોજન કરવામાં આવ્યું. આ સંમેલન વિશ્વ એકતા નું એક વિશાળ મંચ છે જેમાં વિભિન્ન ધર્મના નેતાઓ અને વિદેશી પ્રતિનિધિઓ ને માનવ એકતા તથા વિશ્વ શાંતિ વધારવા માટે પ્રણ લીધા. આ સંમેલન ૧૩ થી ૨૨ સપ્ટેમ્બર સુધી આયોજિત કરવામાં આવ્યું. જેનો મુખ્ય વિષય અધ્યાત્મ, એકતા અને શાંતિ હતો. આ સંમેલનમાં લાખો ભાઈ બહેનોએ પણ ભાગ લીધો.




સંમેલનની શરૂઆતમાં પૂજનીય માતા રીટાજીએ કબીર સાહેબ ની વાણી માંથી ×રાજન કોણ તુમ્હારે આવે×(હે રાજા, તમારી પાસે કોણ આવે?) શબ્દનું ગાન કર્યું.

પોતાના સગર્ભિત સંદેશમાં સંત રાજીન્દર સિંહજી મહારાજે કહ્યું કે આ પ્રકારના આધ્યાત્મિક સંમેલન આપણા જીવનના મુખ્ય ઉદ્દેશ્ય મેળવવાનો રસ્તો બતાવે છે.

૨૮ માં વિશ્વ આધ્યાત્મિક સંમેલનના સમાપન સત્ર દરમિયાન સંત રાજીન્દર સિંહજી મહારાજે કહ્યું કે આપણે પોતાની જાતને ઓળખવા તથા પિતા પરમેશ્વર ને મેળવવા માટે આવા સંમેલનમાં ભાગ લેવો જોઈએ.

આગળ તેમણે કહ્યું કે મનુષ્ય હોવાના નાતે આપણે પોતાને શરીર સમજીએ છીએ પરંતુ સંત મહાપુરુષ આપણને આપણા સાચા સ્વરૂપ એટલે કે આત્મિક સ્વરૂપ તેનો અનુભવ કરાવે છે તથા ત્યારે જ આપણે આ જાણી શકીએ છીએ કે આપણી આત્મા પિતા પરમેશ્વર નો અંશ છે. આપણે બધા સાચી ખુશી અને શાંતિ નો જીવન જીવવા ઇચ્છીએ છીએ પરંતુ આપણે આ વાતથી અજ્ઞાન રહીએ છીએ કે સાચી ખુશી ક્યાંય બહાર નહીં પરંતુ આપણા અંદર છે. ધ્યાન અભ્યાસ દ્વારા જ્યારે આપણે અંતર્મુખ થઈએ છીએ તો આપણે પ્રેમની આધ્યાત્મિક યાત્રા પર ચાલવા લાગીએ છીએ.

પિતા પરમેશ્વર સચ્ચાઈના સ્ત્રોત છે તેમના પ્રેમ અને જ્યોતિનો અનુભવ ફક્ત આપણે અંતર્મુખ થઈને જ કરી શકીએ છીએ. ત્યારે જ આપણી આધ્યાત્મિક જાગૃતિ થશે. પિતા પરમેશ્વર આ પ્રકાશ ક્યારેય ખતમ થતો નથી પરંતુ જ્યારે આપણે આ પ્રકાશનો અનુભવ કરીએ છીએ ત્યારે આપણે સદા સદા ખુશીને પ્રાપ્ત કરી લઈએ છીએ. આ અનુભવ આપણી આત્માને પિતા પરમેશ્વર માં લીન કરાવવા માટે પ્રેરિત કરે છે.

સંજોગવશ આ સંમેલન દરમિયાન ૨૦ સપ્ટેમ્બરે સંત રાજીન્દર સિંહજી મહારાજ નો જન્મદિવસ હોય છે જેને દુનિયાભરમાં આંતરરાષ્ટ્રીય ધ્યાન દિવસના રૂપમાં પણ મનાવવામાં આવે છે.

વિશ્વ વિખ્યાત આધ્યાત્મિક ગુરુ સંત રાજીન્દર સિંહજી મહારાજે કહ્યું કે આપણે બધાને આ માનવ જીવનની સોનેરી અવસર નો સદુપયોગ કરવો જોઈએ. સંત મહાપુરુષોના જન્મદિવસને મનાવવાની સાચી રીત એ જ છે કે આપણે તેમની શિક્ષા ને પોતાના જીવનમાં ઢાળીએ.

સંમેલન દરમિયાન ૧૪ સપ્ટેમ્બરે સુફી સંત શાયર સંત દર્શન સિંહજી મહારાજની યાદમાં 'દર્શન-દિવ્ય પ્રેમ અને કરુણાના મસિહા વિષય પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.

સંમેલનમાં વિભિન્ન ધર્મના નેતાઓ અને ૫૪ દેશોમાંથી આવેલા વિદેશી પ્રતિનિધિઓએ ધ્યાન અભ્યાસ અને અધ્યાત્મના વિશે પોતાના વિચાર પ્રસ્તુત કર્યા. જેમાં મહામંડલેશ્વર સ્વામી દેવેન્દ્રાનંદ ગીરીજી મહારાજ, મહામંડલેશ્વર ડોક્ટર સ્વામી પ્રેમાનંદ જી મહારાજ, શ્રી વિવેક મુનિજી મહારાજ, શ્રી શ્રી ભગવાનના આચાર્યજી, રબી અજેકીલ ઈઝાક માલેકર, બૌદ્ધ આચાર્ય યસી ફુન્સુક, ફાધર ડોક્ટર એમ.ડી.થોમસ, નામધારી સદગુરુ શ્રી ઉદયસિંહજી મહારાજ, જગતગુરુ વિશ્વકર્મા શંકરાચાર્ય સ્વામી દિલીપ યોગીરાજ જી મહારાજ, મહંત શ્રી રવિ પ્રપન્નાચાર્ય જી , ગોસ્વામી સુશીલજી તથા સ્વામી વિનય મુનિજી મહારાજ વગેરે સામેલ હતા.અન્ય ધાર્મિક અને આધ્યાત્મિક નેતાઓ એ પણ આ મંચ પર અધ્યાત્મ અને માનવ એકતા વિશે પોતાના વિચારો રજૂ કર્યા.

સંમેલનને સંબોધિત કરતા મહામંડલેશ્વર સ્વામી દેવેન્દ્રાનંદ ગીરીજી મહારાજે કહ્યું કે આજના સમયમાં માનવતાને બચાવવા માટે સંત રાજીન્દર સિંહજી મહારાજ જેવા મહાપુરુષોની આવશ્યકતા છે. જેઓ પોતાના રૂહાની પ્રકાશથી સંપૂર્ણ માનવતાને રોશન કરી દે છે.

સાપ્તાહિક ચાલવા વાળા આ સંમેલન દરમિયાન સાવન કૃપાલ રૂહાની મિશન દ્વારા ૧૫ સપ્ટેમ્બર ના રોજ મફત નેત્ર તપાસ શિબિર તથા મોતિયાબિંદ ઓપરેશન શિબિર નું આયોજન કરવામાં આવ્યું. જેમાં સેંકડોની સંખ્યામાં ભાઈ બહેનોને દ્રષ્ટિ નો ઉપહાર પ્રાપ્ત કર્યો. આ શિબિર અમેરિકાથી આવેલા નેત્ર ચિકિત્સકોની સાથે ભારતના પ્રખ્યાત આઇ કેર હોસ્પિટલ નોઈડા કે જે નવીનતમ ઉપકરણ અને સુવિધાઓથી સજ્જ છે તેના ડોક્ટર ના સહયોગથી આયોજિત કરવામાં આવ્યું.

આ ઉપરાંત ૧૪ સપ્ટેમ્બર ના રોજ રક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૬૪ ભાઈ બહેનોએ સ્વૈચ્છિક રૂપથી રક્તદાન કર્યું અને સમાજ કલ્યાણ હેતુ ૨૦ સપ્ટેમ્બર ના રોજ જરૂરિયાત મંદ ભાઈ બહેનોને વસ્ત્ર, ચપ્પલ, પુસ્તકો તથા દૈનિક ઉપયોગી વસ્તુઓનું પણ મફતમાં વિતરણ કરવામાં આવ્યું.

દયાલ પુરુષ સંત દર્શન સિંહજી મહારાજના ૧૦૩ માં અને સંત રાજીન્દર સિંહજી મહારાજ ના ૭૮ માં પ્રકાશ પર્વ અવસર પર સાવન કૃપાલ મિશન દ્વારા સાત એનજીઓમાં આવશ્યક ઉપયોગી વસ્તુઓની સાથે સાથે દવાઓનું પણ વિતરણ કરવામાં આવ્યું. આ ઉપરાંત સફદરજંગ હોસ્પિટલમાં પણ વિકલાંગ ભાઈ બહેનોને સહાય અર્થે ઉપકરણ નુ પણ વિતરણ કરવામાં આવ્યું.

પાછલા ૩૫ થી પણ વધારે વર્ષોથી સંત રાજીન્દર સિંહજી મહારાજ તે ભાઈ બહેનો ને કે જેઓ પિતા પરમેશ્વર ને મેળવવા અને પોતાના જીવન ને સફળ કરવા ઈચ્છે છે તેમનું માર્ગદર્શન કરી રહ્યા છે. તેમની અધ્યાત્મ અને ધ્યાન અભ્યાસ દ્વારા આંતરિક તથા બાહ્ય શાંતિ ના માટે કરવામાં આવેલા અથાત પ્રયાસો માટે પણ સરાહના કરવામાં આવી છે.

# કંગનાના નિવેદન પર રાહુલ ગાંધીએ સીધો પીએમ મોદી પર નિશાન સાધ્યું

નવી દિલ્હી,

ભાજપ સાંસદ અને બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌતે તાજેતરની વિધાનસભા ચૂંટણી દરમિયાન ત્રણ કૃષિ કાયદાઓને ફરીથી લાગુ કરવાની વાત કરીને કોંગ્રેસને મોટી તક આપી છે. કંગનાના નિવેદન પર હંગામો અટકવાનો નામ નથી લઈ રહ્યો. એક પછી એક કોંગ્રેસના નેતાઓ કંગના તેમજ ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કરી રહ્યા છે. હવે આ હંગામામાં ખુદ રાહુલ ગાંધી પણ કૂદી પડ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક વીડિયો શેર કરીને રાહુલ ગાંધીએ સમગ્ર મામલે વડાપ્રધાન મોદી પાસે જવાબ માંગ્યો છે. રાહુલ ગાંધીએ સવાલ ઉઠાવ્યો છે કે, સરકારની નીતિ કોણ નક્કી કરી રહ્યું છે? ભાજપના સાંસદ કે વડાપ્રધાન મોદી? કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ પોતાના વીડિયો સંદેશમાં કહ્યું કે ૭૦૦થી વધુ ખેડૂતોની શહીદી, ખાસ કરીને હરિયાણા અને પંજાબના ખેડૂતોની શહાદત છતાં શું ભાજપના લોકો સંતુષ્ટ નથી? તેમણે કહ્યું કે આ શહીદ ખેડૂતોનું સન્માન કરવું જરૂરી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે વડાપ્રધાને તે ખેડૂતોની યાદમાં બે મિનિટનું મૌન પણ પાળવા દીધું નથી. રાહુલ ગાંધીએ કંગના રનૌતનું નામ લીધા વિના ભાજપ પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે ભાજપના લોકો ઘણીવાર સમાજમાં વિચારોની કસોટી કરતા રહે છે. પાર્ટીના કેટલાક નેતા બીજા નેતાને પહેલા એક વિચાર જાહેરમાં રજૂ કરવા કહે છે અને પછી તેને તેના પર પ્રતિક્રિયા જોવા માટે કહેવામાં આવે છે. આ કિસ્સામાં પણ એવું જ થયું. ભાજપના એક સાંસદે ખેડૂતો સાથે જોડાયેલા કાળા કાયદાને પાછા લાવવાની વાત કરી હતી.

આ પછી રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદીને સીધા સવાલો કર્યા છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન મોદીજી કૃપા કરીને આ અંગે સ્પષ્ટતા કરો. શું તમે આવા નિવેદનોની વિરુદ્ધ છો અથવા તમારો આવો જ ઈરાદો છે? શું તમે ફરીથી કાળા કાયદાનો અમલ કરશો? આ સાથે રાહુલ ગાંધીએ ચેતવણી પણ આપી હતી. તેમણે કહ્યું કે જો બીજેપી દ્વારા અમારા ખેડૂતો વિરુદ્ધ ફરી કોઈ ષડયંત્ર રચવામાં આવશે તો ભારતીય ગઠબંધન એક થશે અને તેને ક્યારેય સફળ થવા દેશે નહીં.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 166**
વિષયઃ- " સનાતન ધર્મમાં જાતિવાદના ભેદ ભરમ"
શિર્ષક :- "સનાતન ધર્મમાં જાગૃતિ"
પ્રકાર :- પદ્ય. શબ્દો :- ૮૪

ધર્મમાં ફેલાયેલા જાતિવાદના મારે,
ભેદ ભરમના દુષણ દૂર કરાવવા છે,
ધર્મના વાડા બંધી દૂર કરાવીને મારે,
સનાતન ધર્મનો ઝંડો ફરકાવવો છે,

મતલબ માટે બનાવેલા ધર્મોથી મારે,
અજ્ઞાનતા-અંધશ્રદ્ધા અટકાવવી છે,
ધર્મના ભેદભાવ બંધ કરાવીને મારે,
સનાતન ધર્મમાં જાગૃતિ લાવવી છે.

ધર્મમાં છૂત-અછૂત ફેલાવનારને મારે,
દૂર કરી ધર્મ પરિવર્તન અટકાવવા છે,
ધર્મનો મહિમાવંત ગુણગાન કરીને મારે,
ધર્મમાંથી જાતિવાદને દૂર કરાવવો છે.

શ્રીમદ્ ભાગવત્ ગીતાના ઉપદેશને મારે,
ધર્મ પ્રેમીઓના હૃદયમાં ઉતરાવવો છે,
સનાતન ધર્મ અને ઈશ્વર એક છે 'મુરલી',
તેનો કલિયુગમાં જય જયકાર કરવો છે.

ધનજીભાઈ ગઢીયા 'મુરલી' (જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.343**
વિષયઃ સનાતન ધર્મ માં જાતિવાદ નાં ભેદ ભરમ
શીર્ષકઃ શ્રેષ્ઠ સનાતન સંસ્કૃતિ
પ્રકાર : પદ્ય. શબ્દ : ૭૫

સર્વ ધર્મમાં સનાતન ધર્મ ગહનતાથી કરે પ્રેમ લાગણી સ્નેહની અભીવ્યક્તી,
સત્ય સમર્પણ અહિંસા ત્યાગની ભાવના જગાડી સર્વોત્તમ ધર્મ બની દરેકની કરે મનોજાગૃતિ ,
વેદ પુરાણો ભાગવત ગીતા રામાયણથી સાહસ શક્તિ શૌર્ય ધૈર્યની શીખ આપી ધર્મની બની પથદર્શક કૃતિ,
ભગવાન રામને કૃષ્ણએ જાતિ ભેદભાવ ભૂલી દરેકને આપ્યું સન્માન બન્યાં ધર્મનાં આદર્શ પ્રેરણામૂર્તિ,
જાતિ ભેદભાવને નફરત ભૂલી બધાં ધર્મોને આપી માન સન્માન બને શ્રેષ્ઠ સનાતન સંસ્કૃતિ,
સનાતન ધર્મ "ચંદ્ર" સૂર્યનાં તેજસ્વી પ્રકાશની જેમ સર્વ ધર્મો માટે બને ઉજ્જવળ જ્યોતિ.

" ચંદ્ર " ચંદ્રકાન્ત હરીલાલ માઢક
( નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO.371***
★વિષયઃ સનાતન ધર્મમાં જાતિવાદનાં ભેદ ભરમ★
★શીર્ષકઃ સ્વાભિમાની સનાતની★
★પ્રકાર : પદ્ય.★
★શબ્દ : ૧૩૦★

છે આ ધરા પર સદાય અસ્તિત્વમાં કેટલાય વર્ષોથી સનાતન ધર્મ,
ભગવદ્ ગીતામાં શ્રી કૃષ્ણે કહયું મળે એવું ફળ કરે જે જેવું કર્મ.

સ્વીકાર્યુ છે સનાતનીઓએ સદા સર્વ ધર્મ સમભાવ રાખવો,
હોય કોઈ પણ જ્ઞાતિ જાતિ ધર્મનો એની પ્રત્યે આદરભાવ રાખવો.

ખબર નહિ કોણ ફેલાવે છે હવામાં ઝેર અને કરાવે અંદરો અંદર વેર,
છોડો સનાતનીઓ આ જાતિવાદનાં ભેદ ભરમ નહિ તો હવે નહિ ખેર.

બહું કર્યા સેવાકાર્યોને આપ્યા ઘણા બલિદાનો ભૂલી ખુદનું અસ્તિત્વ,
છે સમય જાગો ઊઠો કરો રક્ષા સ્વધર્મની નહિ તો જોખમાશે અસ્તિત્વ.

ભૂલી જાઓ સનાતન ધર્મમાં ઊભા કરેલા જાતિવાદનાં ખોટા ભેદ ભરમ,
આવો સાથે મળીને દુનિયાને સમજાવીએ સનાતન ધર્મનો મરમ.

કહે ચાંદની આજ ન જાગ્યા તો કાલ ઊભા રહેવાને લાયક ન રહો,
ગર્વથી ચોતરફ બ્રહ્માંડમાં ખુદને ઉન્નત મસ્તકે સ્વાભિમાની સનાતની કહો.

ભાવના જોષી ચાંદની
વડોદરા હાલ છોટાઉદેપુર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO.370***
★વિષયઃ સનાતન ધર્મમાં જાતિવાદનાં ભેદ ભરમ★
★શીર્ષકઃ સનાતની ધર્મ અને જાતિવાદ★
★પ્રકાર : ગદ્ય.★
★શબ્દ : ૩૨૧

સનાતન ધર્મનો અર્થઃ-- જયારે પૃથ્વી પર એકેય ધર્મ હતો નહી ત્યારે હતો તે ધર્મ જે સમગ્ર ભુખંડમાં વ્યાપ્ત હતો તે ધર્મ..સનાતન ધર્મમાં કોઈ જ જાતિવાદ હતો નહિ. બધાજ માનવ માત્ર સમાન હતા.

પૂર્વે સનાતન ધર્મમાં કોઈ જાતિવાદ હતો નહી, નવા નવા ધર્મો સ્થાપિત થતા ગયા તેમ તેમ ઉચનીચના ભેદ સ્થાપિત થતા ગયા..સમગ્ર માનવજાતના આદિ માતા પિતા આદમ (આદ્ય પુરુષ ) અને ઈવ કે પછી નારી સ્વરૂપા શક્તિ હતી. તે એકજ માતાપિતાના બધાજ સંતાનો માનવ જાતમાં ઉચનીચ ના ભેદ હોયજ નહી,તે ક્યાંથી આવ્યા? તે નવા બૌદ્ધ ધર્મ સ્થપાયા પછીના ધર્મ અને ધર્મીઓએ પોતાને ઉચ્ચ સાબિત કરવા જાતિવાદ દાખલ કર્યો.

આર્યોના આગમન પછી સનાતન ધર્મ શબ્દને બદલે એમણે સિંધુ નદીના કિનારે વસવાટ કરી સિંધુને ઈંડસ કહીં અને સનાતન ધર્મની જે સંસ્કૃતિ ચાલી આવતી હતી તેને હિંદુ નામ આપી એમને ગુલામોની જરૂરિયાત હોઈ ગુલામીનું સર્જન કરવાની હિલચાલ સ્વરૂપ જાતિવાદનો ખતરનાક ખેલ્યો, આર્ય પુષ્યમિત્ર શૂંગ આ જાતિવાદનો જનક છે.

એટલે જ સંસ્કૃત ભાષાના જાણકારો એ ગીતા રચી કૃષ્ણના મુખે ★ચાતુર્વર્ણ મયા★ કહીં જાતિવાદને અનુમોદન આપ્યું છે, જે કૃષ્ણ એક ઓબીસી સમાજ પૈકીના હોઈ ક્યારેય જાતિવાદનનું અનુમોદન કરે જ નહીં.

આપણા દેશમાં હાલ શારીરિક જાતિવાદી માનસિકતા ઓછી થઈ રહી છે, પરંતુ માનસિક જાતિવાદી માનસિકતા એની ઉચ્ચ કક્ષાની પરાકાષ્ઠા એ પહોંચી ગઈ છે, વિભાજનકારી પરિબળો જાતિવાદી ઉચ-નીચના ભેદ ભરમ પુનઃ સ્થાપિત કરવા માગે છે. જે દેશ માટે ઘાતક બની દેશને ફરી વિભાજન તરફ દોરશે એમાં મીનમેખ નથી. દરેક જાતિ સમૂહો ફકત પોતાની જાતીનો જ સર્વાંગી વિકાસ થાય એમ કામ કરી રહ્યા છે. જે ફરી અન્ય જાતિ સમૂહો વચ્ચે ઉંડી ખાઈ નિર્માણ કરશે.

જાતિવાદને કારણે જ આઝાદીના સુવર્ણ પ્રભાતે જાતિવાદને કારણે ભોગ બનેલાઓને વિકસિત કરી ઉચ્ચ જાતિઓ સાથે કદમ મિલાવી શકે તે માટે બંધારણીય હક્કોથી શિક્ષિત કરી અવસર પેદા કર્યો હતો. તે અવસર હાલ "ના રહે બાંસ ના બજે બાંસુરી★ ના ન્યાયે આપેલી શિક્ષિત થવાની શક્યતાઓ ઘટાડી દઈ, હાલ એક મોટો ખેલ ખેલી સરકારી વિદ્યાધામો તોડી નાખી, શિક્ષણ મોંઘૂદાટ કરવામાં હલકટ જાતિવાદી માનસિકતા જ કામ કરી રહી છે.

આમ આજ પણ સનાતન ધર્મમાં જાતિવાદી માનસિકતા પરિપક્વ સ્વરૂપે સમાજમાં સ્થાપિત છે.

સોલંકી ચંદન ,"મહેક"અમદાવાદ ગુજરાત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.356**
વિષયઃ સનાતન ધર્મમાં જાતિવાદનાં ભેદ ભરમ
શીર્ષકઃ મનવા છોડો ભેદ ભરમ.
શબ્દ : ૯૭

કરીએ સૌ સારા કર્મ, અપનાવીએ માનવધર્મ,
ભક્તિ નો જાણી મર્મ, મનવા છોડો ભેદ ભરમ.

જાતિ, જ્ઞાતિ ન જોતાં પ્રભુ, પ્રેમભાવ સ્વીકારે કરમ,
પરોપકાર ને સદાચાર રાખો, મનવા છોડો ભેદ ભરમ.

ન લાવ્યા જોડે તમે કંઈ, ન આવશે તમારી જોડે કંઈ,
રહેશે બધું જ અહીં ને અહીં, મનવા છોડો ભેદ ભરમ.

મનુષ્ય દેહ દુર્લભ મળ્યો છે સૌને થોડી ભરો શરમ,
ઈચ્છો સૌનું કલ્યાણ અહીં, મનવા છોડો ભેદ ભરમ.

માનવી અનેક, જગતાત એક, પાળીએ માનવધર્મ,
રાખીએ પ્રભૂની ટેક અહીં, મનવા છોડો ભેદ ભરમ.

'સુરીલી' સમજદાર સમાજ છે વિશેષ શું સમજાવું?
બસ, બનો બધા એક અહીં, મનવા છોડો ભેદ ભરમ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N. O. G. S, S.. No. 0102.**
વિષય :- સનાતન ધર્મમાં જાતિવાદનો ભેદભરમ.
શબ્દઃ- ૨૯૦.

ભારતમાં હજારો વર્ષોથી સનાતન હિન્દુ ધર્મનો પ્રભાવ રહ્યો છે. વેદકાલીન જમાનામાં આ ધર્મ સર્વ વ્યાપક હતો પરંતુ સમય પસાર થતા ધર્મ ની અંદર જાતિવાદ ઉમેરવામાં આવ્યો. બ્રાહ્મણ , ક્ષત્રિય , વૈશ્ય, અને શુદ્ર આમ ચાર જાતિમાં કર્મ પ્રમાણે જાતિનું વિભાજન કરવામાં આવ્યું.

આ જાતિભેદને કારણે સમાજમાં ઊંચનીચના વર્ગો ઉત્પન્ન થયા . ખાસ કરી અને શુદ્ર તરફ લોકો સારી દષ્ટિએ જોતા ન હતા . તેઓને અછુત ગણતા અને તેઓની સાથે ઘણો ઓછો વ્યવહાર રાખતા હતા એટલું જ નહીં પરંતુ તેવોની પાસેથી હલકી પ્રકારનું કામ કરવામાં આવતું હતું.

રામાયણ સમયમાં ભગવાન રામચંદ્રજીએ આવા શૂદ્ર લોકોને પોતાના ગણાવ્યા હતા.

મહાભારત સમયની
આભાર - નિહારીકા રવિયા અંદર આ જાતિવાદનો ભેદભરમ વધારે સ્પષ્ટ જોવા મળે છે. ગુરુ દ્રોણાચાર્ય ઉચ્ચ લોકોને શિક્ષા આપતા તેમાં એકલવ્ય નીચ જાતિનો હોવાને કારણે તેને બાકાત રાખવામા આવેલ હતો.

ત્યાર પછી તો આ જાતિવાદમાં પણ અટક ની પ્રથા આવી ગઈ અને દરેક અટકના લોકો પોતાની અટક કરતા બીજાની અટકને ઓછું મહત્વ આપતા. પોતે જ મહાન છે અને બીજા નથી તેઓ ભેદભાવ ઊભો થવા લાગ્યો અને આને કારણે સમાજના જુદા જુદા વર્ગો ની અંદર ભેદભાવ ઊભો થયો એટલું જ નહીં પણ ક્યારેક ક્યારેક મારામારી ઝઘડા અને ધર્મને નામે ઘણી બધી ગંભીર પ્રકારની ઘટનાઓ બનવા લાગી.

આજે પણ ભારતના ગામડાઓની અંદર આવા જાતિ ભેદ જોવા મળે છે . શુદ્ધ જાતિને અછુત ગણવામાં આવે છે .

ડોક્ટર આંબેડકર ગાંધીજી અને બીજા ઘણા બધા લોકોએ આ જાતિવાદ અને તેમના રહેલા ભેદ ભરમ અને તેને કારણે થતા લડાઈ ઝઘડાના નિવારણ માટે ઘણા બધા પ્રયત્નો કર્યા . ડોક્ટર આંબેડકરએ અપૃશ્યતા નિવારણ માટેના, પછાત જાતિઓને રક્ષણ આપવા માટેના ખાસ કાયદા કર્યાછે.
પછાત જાતિનો વિકાસ થાય તેને માટે અનેક પ્રકારની યોજનાઓ સરકાર દ્વારા ચલાવવામાં આવે છે.

આજના આધુનિક જબાનામાં વસ્તી ગણતરી જાતિ આધારિત કરવામાં આવે છે તેની પછવાડે પણ મોટું કારણ છે કે જુદા જુદા પક્ષને મોટા પ્રમાણમાં જાતિ આધારિત મત મળી રહે અને તેઓનું રાજકીય વર્ચસ્વ જામે .

રતીલાલ વાયડા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 163**
વિષયઃ- સનાતન ધર્મમાં
જાતિવાદના ભેદ ભરમ
શીર્ષકઃ- કોણ દૂર કરશે..!
પ્રકારઃ- પદ્ય શબ્દોઃ- ૧૩૭

સૃષ્ટિની રચનાની સાથે,
સનાતન કાળથી ચાલ્યો આવ્યો..
વિશ્વમાં સૌથી પ્રથમ,
સનાતન ધર્મ..
વેદ પુરાણને ગ્રંથો દ્વારા,
સાબિત છે સનાતન ધર્મ હિંદુ..

સનાતન હિંદુ ધર્મમાં જાતિવાદના ભેદભરમ,
ના દીઠા ના સાંભળ્યા..

ભગવાન મનુએ વર્ણ જાતિ,
વ્યવસ્થા માટે બનાવી..
પછી,
જાતિવાદના ભેદભરમ
કોણ દૂર કરશે..!

સમય સાથે આવ્યું પરિવર્તન
બૌદ્ધ જૈન...મુસ્લિમ..
સીખ ઈસાઈ પારસી,
ધર્મ નો થયો ફેલાવો દેશ કાળે..
મૂળ તો સનાતન ધર્મ..

કરૂણા દયા અહિંસા પ્રેમ,
દરેક ધર્મ આ સમજાવે..
દરેક ધર્મ બતાવે રસ્તો ઈશ્વરીય,
પછી, નાત જાતના વાડા કેમ!
કોણ દૂર કરશે..!

આપણે જ સૌએ જાગવું પડશે,
સત્તાધીશો તો સત્તા ખાતર,
અંદરોઅંદર લઢાવે સૌને,પછી
શકે રોટલા એમના.. માટે,
આપણે જાગી જઈએ..
જાતિ વાદના ભેદભરમ હવે
દૂર કરીશું આપણે..
ઉંચી કોઈ જાતિ નથી માનવતાથી..

શ્રીમતી મીનાક્ષી ત્રિવેદી,
'મૌની' વડોદરા

# વાળ મુંડાવવાને કાર્યક્રમ કેન્સલ કરીને કેશકલાકારોના પેટ પર પાટુ મારવાનો અધિકાર કોણે આપ્યો ???

અત્યારે પાટનગરમાં વરસાદની મોસમ ચાલતી નથી. ઉનાળો ન હોવા છતાં તબલાતોડ ગરમી પડે છે. સવારના આઠ વાગ્યે માથું ફાડી નાંખે તેવી ગરમી પડે છે. એકતરફી પ્રેમી જેમ યુવતીનો કેડો મુકતો નથી તેમ નવરાત્રિમાં વરસાદ તેમ વરસાદ કેડો મુકવાનો નથી તેમ વરસાદની આગાહી કરીને જગબત્રીસીએ ચડનાર આગાહીવીર કે આગાહીજીવી અંબાલાલ પટેલે આગાહી કરી છે. જેના લીધે નવરાત્રિના ખેલૈયાના દિલ ભાંગી ગયા છે અને દિલના ફૂરચેફૂરચા ઉડી ગયા છે. આ આગાહી સાંભળીને ખાનગી પાર્ટીપ્લોટ( ગરબાના પાર્ટીપ્લોટ ખાનગી જ હોય છે. ગિરધરલાલ ગરબડિયા, શું ઝૂડાધૂડ ઊડઝૂડ કરો છો?? સરકાર ખાનગી પાર્ટી પ્લેટ કરે તો ભોજિયો ભા ન આવે અને ઘટની સ્થળે કાગડા ઉડે!!નવરાત્રિ આવું આવું કરી રહી છે. બસ આ જ ઉત્સુકતાથી ચૂંટણી આવું આવું કરતી ગુજરાતના દરવાજે દસ્તક દઇ રહી છે. ચૂંટણી દેવીને રાજી કરવા નેતા લોગના ગુજરાતના આંટા ફેરા, રેલીઓ, સભા સરઘસો, રોડ શો વધી રહ્યા છે.

સરકાર બાપડી ઓલ માઈટી હોવા છતાં ચૂંટણી પહેલાના છ-સાત મહિના માટે ગરીબ કી જોરું સૌની ભાભી એવો તાલ થઇ ગયો છે. સાડા ચાર વરસ જેમની રજૂઆતો પરત્વે આંખ આડા કાન કર્યા હોય, સવાલોની અનદેખી કરી હોય એવા તમામ વર્ગો નાક દબાવીને સરકારનું મોં ખોલાવવા આંદોલનજીવીમાં રૂપાંતરિત થાય છે!! જો કે, સરકારનું મેં ખોલાવવા મથતા લોકો બાળ ભરતે સિંહનું મેં ખોલી દાંત ગણવાની એકસરસાઇઝ કરેલી તેવું કાંઇ કરવા માંગતા નથી. કેમ કે, તે લોકો સરકાર નખ, નહોર,દાંત વિનાનો વાઘ કે સિંહ છે કે બખૂબી જાણે છે!!!અત્યારે પાટનગરમાં આંદોલનની મૂશળધાર મોસમ છલકે છે. લોકશાહીમાં પોતાની માંગણી તરફ ધ્યાન દોરવા લોકશાહી ઢબે, શાંતિપૂર્ણ રીતે આંદોલન કરવાનો હક્ક છે. આંદોલન શાંત રહે, તોંફાનો ન થાય , અફવા ન ફેલાય, મિલકતોને નુકસાન ન થાય તેની કાળજી લેવાની જવાબદારી આંદોલન કરનારની છે. કેટલા લોકો અને કેવા લોકો આંદોલનમાં જોડાયા છે, તે બાબત ગૌણ છે!!

આવા આંદોલનોમાં ધરણા, દેખાવો, ભાષણબાજી, સતાતંત્ર સાથે બેઠકો, કોરા સમાધાનો , ભીની ગદ્દારી, બાબાજી કા છુલ્લું મળ્યાની આહતભરી લાગણી, વગેરે ફલેવર હોય છે. કેટલાક આંદોલનકારીઓ માટે અમને ભારોભાર ગુસ્સો છે. જે બોલો તે પાળો!! પાદવાની પહોંચ હોય તો જ તોપખાનામાં નામ નોંધાવો.એક મહિલા આંદોલનકારીઓંએ માંગણી ન સંતોષાય તો માથાનું મુંડન ( માથાનું મુંડન ન હોય!! વાળનું મુંડન હોય રાજુ રદ્દી!!) કરાવવાની ઘોષણા કરી. આ જાહેરાતથી અમે ઉત્તેજિત થઇ ગયા. અમે પુરૂષોના ટકા થતા જોયા છે. પછી ભલે તે ઐચ્છિક, દૈહિક , ઐહિક કે અનૈચ્છિક હોય!!?એમાં કોઇ થ્રીલ કે ઉતેજના હોતી નથી. મહિલાઓ પેનીઢક વાળ રાખે, નાના બચ્ચા જેવી માવજત કરે એના વાળ ઉભા મોલની જેમ વઢાય તે જોવાની કેટલી મજા આવે. સુકેશી ટકલું કર્યા પંથી પર્સિસ ખંભાતા જેવી લાગે છે કે કેમ ?? આ મૂંડનકર્મ વ્યકિતગત, સંસ્થાગત છે કે સામુહિક છે તે જાણવાની ઉત્સુકતા કે તાલાવેલી હોય છે!!!આમાંથી કાંઇ ન થાય અને કાર્યકર્મ સ્થગિત કે રદ થાય તો આપણને કેટલો ધક્કો લાગે એ આપણું મન જ જાણે છે!!! કેશ કર્તન કરાવી ટકીમુંડી બનેલી રણચંડી સમાન એવઆરડી ઓલરેડી કેવી લાગશે તે જાણવાના કૂતુહલ અને જિજ્ઞાસાનું તો ગિલોટીન થઇ ગયું કે નહીં?? જે કેશ કર્તન કલાકારોને કેશલોચન કરવાથી નાણા મળવાના હતા કે નહી મળે? બિચારાઓના વહાણો રેતમાં ડૂબી ગયા તેનું શું-ભારત જાનના ચાહતા હૈ!!ઇનિડિયા વોન્ટસ ટુ નો ધેટ ગરીબ કેશ કલાકારોના પેટ પર લાત મારવાના અમાનુષી અને પાશવી અધિકારો તમને કોણે આપ્યા???જવાબ દો વર્ના શરાબ દો!!

ભરત વૈષ્ણવ

## નવરાત્રીને લઈને વિરપુરના ખેલૈયાઓનો અનેરો ઉમંગ...

# અવનવા સ્ટેપ સાથે નવરાત્રીના વધામણાં કરવા ખેલૈયાઓમાં થનગાટ..............

ભારતીય સંસ્કૃતિમાં આસો માસને ખુબ જ ભાવભક્તિ અને શ્રધ્ધા સાથે ઉજવાય છે. આ નવ દિવસ દરમિયાન જગતજનની અખિલ બ્રહ્માંડ ભાદોદરી જગદંબાઓના ગુણગાન ગવાય છે.

ત્યારે યાત્રાધામ વિરપુર જલારામ ખાતે પણ ખેલૈયાઓ દ્વારા નવરાત્રીના વધામણા કરવા માટે છેલ્લા બે મહિનાથી પ્રાચીન અને અર્વાચીન રાસ તેમજ અવનવા રાસની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

ગરબા પ્રેક્ટીસ કરતા ખેલૈયાઓએ ગરબા રમવા થનગની રહ્યા છે. આ વર્ષે જાલીમાર સ્ટેપ,ગલગોટો સ્ટેપ,ડીજે બ્રાવો સ્ટેપ તેમજ કપલ ગરબા સ્ટેપ, ડીજે ટીટોડા સહિતના અવનવા ગરબાના સ્ટેપસનો ખેલૈયાઓમાં વધુ ક્રેઝ માં જગત જનની જગદંબાના આરાધનાનું પર્વ એટલે આસો માસની નવલી નવરાત્રી,સમગ્ર ગુજરાત સહિત ભારતભરમાં ભક્તિભાવ પૂર્વક નવરાત્રી ઉજવાય છે નાના-મોટા સૌ કોઈ માં જગદંબાની આરાધના કરી ગરબા ઘૂમતા હોય છે,માતાજીના નવલા નોરતાને હવે ગણતરીના જ દિવસો બાકી છે ત્યારે ગરબા ખેલૈયાઓમાં ગરબા રમવાનો ભારે અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે જેમને લઈને નવરાત્રી આગાઉ જ ખેલૈયાઓએ ગરબા રમવા માટેની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે ત્યારે યાત્રાધામ વીરપુરમાં ગરબા રસિકો સતત બે મહિના થી અવનવા સ્ટેપ માટે પ્રેક્ટીસ કરી રહ્યા છે, આ વર્ષે જાલીમાર સ્ટેપ,ગલગોટો સ્ટેપ,ડીજે બ્રાવો સ્ટેપ તેમજ કપલ ગરબા સ્ટેપ, ડીજે ટીટોડા સહિતના અવનવા ગરબાના સ્ટેપનો ખેલૈયાઓમાં વધુ ક્રેઝ જોવા મળી રહ્યો છે, એક તરફ ખેલૈયાઓ સતત બે મહિનાથી ગરબા રમવા માટેની પ્રેક્ટીસ કરી રહ્યા છીએ આગામી દિવસોમાં નવરાત્રીમાં ખૂબ જ ઉત્સાહ પૂર્વક ગરબે રમવા અનેરો થનગાટ છે તો બીજી તરફ ઘણા ખરા



આગાહીકારોએ નવરાત્રીમાં વરસાદને લઈને આગાહી પણ કરવામાં આવી છે કે નવરાત્રીમાં પણ વરસાદ વરસી શકે છે અને નવરાત્રીમાં મેઘરાજાનું વિઘ્ન પડી શકે છે ત્યારે ખેલૈયાઓ અને ગરબા રસિકો નવરાત્રીમાં વરસાદ ન પડે અને નવલા નોરતામાં ધામધૂમથી ગરબા રમી શકે તેવી પ્રાર્થના પણ માતાજીને કરીને આશા વ્યક્ત કરી રહ્યા છે..

અહેવાલઃ- દેવરાજ રાઠોડ વિરપુર દ્વારા

# ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ સક્રિય થયેલ ભૂસ્તર કચેરીની ટીમોના કારણે ભૂમાફિયાઓ અને ખનીજ ચોરી કરતાં ઇસમોમાં ફફડાટ



ગાંધીનગર જિલ્લામાં ખનીજ ચોરીને અટકાવવા માટે જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ ભૂસ્તર કચેરી દ્વારા ટીમો સક્રિય કરવામાં આવી છે. ખનીજ ચોરી કરતાં ઇસમો પર ભૂસ્તરની ટીમ બાજ નજર રાખી રહી છે. આજે ભુસ્તરની ટીમ દ્વારા સરગાસણ સર્કલ નજીકથી રોયલ્ટી પાસ વગર સાદી રેતી ખનિજ લઈ જતાં ડમ્પરને પકડી પાડ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં કલેકટર શ્રી મેહુલ દવેએ ખનીજ ચોરી કરતાં ઇસમો સામે બાયો ચઢાવી છે. પર્યાવરણને ખનીજ ચોરી કરીને નુકશાન કરતાં અને રોયલ્ટી ચોરીને અટકાવવા માટે જિલ્લા કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ ભૂસ્તર કચેરી, ગાંધીનગરના અધિકારી શ્રી પ્રણવ સિંહ દ્વારા વિવિધ ટીમો બનાવવામાં આવી છે. જિલ્લામાં છેલ્લા થોડાક સમયથી આ ટીમોની બાજ નઝરના કારણે ખનીજ ચોરી કરતા ભૂમાફિયાઓમાં ફફડાટ ફેલાઇ ગયો છે. ખનીજ ચોરી કરતાં અનેક વાહનો એકબાદ એક ચેકિંગ દરમ્યાન આ ટીમો દ્વારા પકડી પાડવામાં આવી રહ્યા છે.

આજે ગાંધીનગર ભૂસ્તરની ટીમ દ્વારા સરગાસણ ચોકડી પાસેથી ડમ્પર નંબર- જી.જે ૧૮ બીટી ૮૬૦૭ પસાર થઇ રહ્યું હતું. તેને ભૂસ્તરની ટીમ દ્વારા ચેકિંગ માટે અટકાવવામાં આવ્યું હતું. આ ડમ્પર રોયલ્ટી પાસ વગર ૨૯ મે.ટન કરતાં વધુ સાદી રેતી ખનિજનું બિન અધિકૃત વહન કરતું માલૂમ પડ્યું હતું. જે ડમ્પરને ટીમ દ્વારા જપ્ત કરવામાં આવ્યું છે. ડમ્પરના વાહન ચાલકના નિવેદન લઈને ડમ્પર દ્વારા જે સ્થળેથી સાદી રેની ખનિજ ભરી છે, જે સ્થળે આ સાદી રેતી ખાલી કરવાની હતી. તે વિસ્તાર ખાતે સ્થળ તપાસની કાર્યવાહી ટીમ દ્વારા કરવામાં આવી રહી છે.

તે ઉપરાંત તા.૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ડભોડા ગામના તલાટી કમ મંત્રી દ્વારા ડભોડા ખાતેથી રોયલ્ટી પાસ વગર સાદી રેતી ખનિજના બિન અધિકૃત વહન કરતું એક ટ્રેકટર જેનો સિરીયલ નંબર આરએફએનબીઓ ૩૬૬૫ની અટકાયત કરવામાં આવી હતી. જે અંગેની જાણ ભૂસ્તરની ટીમને કરવામાં આવતાં તે ટ્રેકટરની અટકાયત કરવામાં આવી છે. તેમજ જે સ્થળેથી ટ્રેકટરમાં સાદી રેતી ખનિજ ભરવામાં આવી હતી. તે ખનનવાળા વિસ્તારની માપણી ભૂસ્તરની ટીમ દ્વારા હાથ ધરવામાં આવી છે.




માનવતા ચેરીટેબલ ટ્રસ્ટ,વાસણા,અમદાવાદ ખાતે શ્રાદ્ધ પક્ષ નિમિતે "પિતૃ વંદના" કાર્યક્રમમાં પુનિત પરિવાર ના વિવિધ ભક્તોના ભજનો નું તા.૨૫/૦૯/૨૪ થી ૦૧/૧૦/૨૪ સુધી સામૂહિક આયોજન મધુલતા હોલ, બેરેજ રોડ,વાસણા ખાતે કરવામાં આવેલ છે.જેમાં આવી ને જનતા જનાર્દન પોતાના પિતૃઓ ના સ્મરણાર્થે નિઃશુલ્ક ભજન કરાવી શકે છે.

# પાટનગરમાં વરસાદી માહોલ જામ્યો

ગાંધીનગરમાં બે દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી નગરજનો અસહ્ય ઉકળાટનો અનુભવ કરી રહ્યા હતા. ગઈકાલે મોડી સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવવાની સાથે કેટલાક સ્થળોએ ધોધમાર વરસાદ વરસી બંધ થઈ ગયો હતો. આજે ગુરૂવારે સવારથી બફારાની સાથે આકરો તડકો પડી રહ્યો હતો. પરંતુ બપોરે ત્રણ વાગ્યા પછી અચાનક વાદળો ઘેરાવાની જોડે જોડે વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ તૂટી પડ્યો છે.

ગાંધીનગરમાં આજે બપોરે વાતાવરણમાં પલટો આવ્યો છે. ભારે પવન ફૂંકાવાની સાથે વાદળો પણ ઘેરાયા છે. છેલ્લા ચાર-પાંચ દિવસથી નગરજનો ભાદરવાની આકરી ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યાં છે. ઉનાળાની આકરી ગરમી બાદ હવે નગરજનોને ભાદરવો વધારે અકળાવી રહ્યો છે. જોકે, આકરી ગરમી વચ્ચે આગામી પાંચ દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરાઈ છે.બીજી તરફ ભાદરવાની ઉનાળા જેવી આકરી ગરમીથી લોકો ત્રસ્ત બન્યા છે. બુધવારે બપોરે આકરી ગરમી બાદ સાંજે વાતાવરણમાં પલટો આવ્યો હતો. મોડી સાંજે ધૂળની ડમરીઓ સાથે પવન ફૂંકાયો હતો. વાદળો ઘેરાતા ધોધમાર વરસાદ પડશે તેવી લાગી રહ્યું હતું, જોકે, ગાંધીનગરમાં મોડી રાતે કેટલાક વિસ્તારોમાં ધબધબાટી બોલાવી વિરામ લીધો હતો.આજે ગુરુવાર સવારથી નગરજનો આકરો તડકાની સાથે અસહ્ય બફારાથી પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. એવામાં બપોર ત્રણ વાગ્યાની આસપાસ વાદળો ઘેરાવાની સાથે ભારે પવન ફૂંકાયો હતો.

# બોટાદ માહિતી કચેરીની સુંદર કામગીરી બદલ સહાયક માહિતી નિયામકશ્રી નુ પત્રકારો દ્વારા સન્માન



બોટાદ. બોટાદ જિલ્લામાં સહાયક માહિતી નિયામક શ્રી સપનાબેન ભટ્ટીની માહિતી કચેરી ખાતે ઝાલાવાડ ની વાત ગુજરાતી સમાચારપત્ર તંત્રી કિરીટભાઈ ખવડ ,પત્રકાર મિલન બગડીયા દ્વારા માહિતી કચેરી બોટાદ ખાતે શુભેચ્છા લીધી હતી .સહાયક માહિતી નિયામક શ્રી સપનાબેન ભટ્ટી અને માહિતી કચેરીના તમામ કર્મચારીની ખૂબ સુંદર કામગીરી બદલ સહાયક માહિતી નિયામકશ્રી. સપનાબેન ભટ્ટી ને ઝાલાવાડ ની વાત ગુજરાતી સમાચારપત્ર ના તંત્રી કિરીટ ખવડ અને મિલન બગડીયા દ્વારા શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા, માહિતી કર્મીઓને અભિનંદન પાઠવ્યા હતા.આ તકે કચેરીના કર્મયોગી અમિતભાઈ મહેતા પણ ઉપસ્થિત રહ્યા હતા.

અહેવાલ કનુભાઈ ખાચર




રોટરી કલબ ઑફ મુંબઈ કાંદિવલી વેસ્ટના પ્રમુખ દેવસિંહ સહાની, સેક્રેટરી રઘુનાથ પ્રભુ વગેરે દ્વારા આયોજિત જોય ઓફ ગીવિંગમાં સ્કૂલ ડેવલમેન્ટ ડિરેક્ટર મિતેશ શાહ, પ્રીતિકા સામાણી, રીમા વાહી અને ટીમે કબાટ, ટેબલ ખુરશી રમત ચિત્રકામના સાધનો, ફૂડ પેકેટ ઓટિઝમ ધરાવતા ઉમંગ સેન્ટરના ૪૫ વિદ્યાર્થીના લાભાર્થે અપાયા હતા.

# સમગ્ર શિક્ષણ જગતને શર્મશાર કરતી અને કાળજુ કંપાવનારી દાહોદ ખાતે માસુમ દિકરીની હત્યા તથા રાજ્યમાં શૈક્ષણિક કેમ્પસમાં દિકરી પરના અત્યાચાર અંગે સઘન પગલા ભરવાની માંગ સાથે કોંગ્રેસ પક્ષ દ્વારા ન્યાય પદયાત્રા યોજાઈ




સમગ્ર શિક્ષણ જગતને શર્મશાર કરતી અને કાળજુ કંપાવનારી દાહોદ ખાતે માસુમ દિકરીની હત્યા તથા રાજ્યમાં શૈક્ષણિક કેમ્પસમાં દિકરી પરના અત્યાચાર અંગે સઘન પગલા ભરવાની માંગ સાથે આજરોજ રાજીવ ગાંધી ભવન થી વિવેકાનંદજીની પ્રતિમા સુધીની ન્યાય પદયાત્રા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલના નેતૃત્વમાં યોજાઈ હતી. ન્યાય પદયાત્રામાં મોટી સંખ્યામાં યુવાનો, મહિલાઓ, કોંગ્રેસ પક્ષના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા અને બેટી બચાવો કોનાથી ? ભાજપ થી....ભાજપથી... અને ભાજપ સરકારમાં સતત કથળી રહેલી કાયદો વ્યવસ્થાની સ્થિતી પર ભારે સૂત્રોચ્ચાર સાથે જોડાયા હતા.

સરકાર બેટી પઢાઓની વાતો કરે છે પણ જે રીતની ઘટનાઓ બની રહી છે ત્યારે ગુજરાતના વાલીઓ અને જનતાને બેટી બચાવોની ફરજ પડી રહી છે. દાહોદ જિલ્લાના સિંઘવડમાં ૬ વર્ષની દીકરીની જે રીતે કરપીણ હત્યા થઈ છે તે સમગ્ર ગુજરાતને હચમચાવી નાખે તેમ છે. દીકરીને હત્યા કરનાર તેની શાળાના આચાર્ય હતા. કેટલાક ફોટો સામે આવ્યા છે તે ચોંકાવનારા છે. ગોવિંદ નટ્ટના સંઘના ગણવેશમાં શિબિરમાં ભાગ લેતા ફોટો જોવા મળ્યા છે અને વિશ્વ હિન્દુ પરિષદની શિબિરમાં ભાગ લેતા જોવા મળે છે નરાધમ. શું સંઘ અને વીએચપી આ પ્રકારના લોકો માટે કોઈ વિરોધ દર્શાવશે ? શું ભાજપના બનાવટી લોકો, દાહોદની દીકરી માટે કેન્ડલ માર્ચ કાઢસે ખરા? પાટણના બળાત્કારની ઘટનામાં ભાજપ યુવા મોરચાનો પદાધિકારી પકડાય, રાજકોટના આટકોટમાં વિદ્યાર્થિની જોડે બનેલ દુષ્કર્મમાં ભાજપના પદાધિકારીનું નામ આવે. આ ઘટનાઓ દર્શાવે છે કે ભાજપનો ખેસ પેહરો એટલે ગુનો કરવાનો પરવાનો મળે તેવું લાગે છે. ગુજરાત રાજ્યમાં દીકરીઓ ભાજપના કુશાશનમાં સુરક્ષિત નથી આ કિસ્સાઓ થી વધુ એકવાર સ્પષ્ટ થાય છે. રાજ્યમાં બનેલ ઘટનાઓએ શિક્ષણજગતને શરમસાર કરી છે અને વાલીઓને ચિંતામાં મૂકી દીધા છે કે ભરોસો મૂકવો કોની ઉપર?

સબ સલામત અને સુરક્ષિત ગુજરાતની માત્ર જાહેરાતો કરતી ભાજપના રાજમાં ગુજરાતની મહિલાઓ સુરક્ષિત નથી, બેટી બચાવોની માત્ર જાહેરાત જ છે. અપહરણ, બળાત્કાર, ઘરેલું હિંસા, દહેજ મુત્યુ અને શોષણ, મહિલાઓ પર એસિડથી પણ હુમલા, મહિલાઓનું ટ્રાફિકિંગ, મહિલાઓ સાઈબર ક્રાઈમ સહિતના ગુન્હાઓ થઈ રહ્યા છે. દેશમાં ૯ વર્ષમાં મહિલાઓ પર દુષ્કર્મના ૩ લાખથી વધુ અને ગુજરાતમાં ૫૫૬૦ થી વધુ કેસ નોધાયા છે. મહિલા સુરક્ષાની વાતો-જાહેરાતો વચ્ચે ગુજરાતમાં સરેરાશ દર વર્ષે ૮૦૦૦ જેટલા મહિલા વિરુધ ગુન્હાઓ નોધાય એટલે કે દર મહીને સરેરાશ ૬૭૦ થી વધુ અને દરરોજ ૨૨ થી વધુ મહિલા વિરુધના ગુન્હાઓ નોધાય છે. ગુજરાતમાં દરરોજ ૬ દીકરીઓ પર બળાત્કારની ઘટનાઓ બને છે શું આ છે સલામત ગુજરાત ? સમગ્ર શિક્ષણ જગતને શર્મશાર કરતી અને કાળજુ કંપાવનારી દાહોદ ખાતે માસુમ દિકરીની હત્યા તથા રાજયમાં શૈક્ષણિક કેમ્પસમાં દિકરી પરના અત્યાચાર અંગે ભાજપ સરકાર ક્યારે સઘન પગલા ભરશે ? સમગ્ર ગુજરાત રાજયમાં વધતા જતા માસુમ દિકરીઓ પરના દુષ્કર્મ અને જાતીય સતામણીના વધતા કિસ્સા વાલીઓ માટે પણ ચિંતાનો વિષય છે. શાળા અને કોલેજોમાં વાલીઓ પોતાની દિકરીઓને અભ્યાસ કરવા મોકલે છે ત્યારે તેની સાથે જ્યારે આવી કાળજુ કંપાવનારી ઘટનાઓ બને ત્યારે શૈક્ષણિક સંકુલોમાં દિકરીઓની સલામતિ માટે ગંભિર પગલા ભરવાનો સમય પાકી ગયો છે. દાહોદ અને અન્ય શૈક્ષણિક સંસ્થામાં છેલ્લા ૧૦૦ કલાકમાં બનેલી ઘટનાઓ અંગે સંડોવાયેલા નરાધમો સામે કડકમાં કડક પગલાં ભરવા જોઈએ અને સમગ્ર કેસ ફાસ્ટ-ટ્રેકમાં ચલાવવામાં આવે જેથી દાખલારૂપ સજા થાય તે રીતે કાર્યવાહી કરવામાં આવે. દાહોદની શાળામાં આચાર્ય દ્વારા આચરેલું કૃત્ય શિક્ષણજગતને શર્મસાર કરે તેવી ઘટના છે. દાહોદની સાથે બોટાદ, અમદાવાદ, રાજકોટ માં શિક્ષણ સંસ્થાનમાં જાતીય સતામણીની ફરિયાદ ઉઠી છે ત્યારે કોની ઉપર ભરોસો મૂકવો તે સવાલ થાય છે. ગુજરાત રાજ્યમાં સ્કૂલ મેનેજમેન્ટ કમિટી માત્ર કાગળ ઉપર છે. આ પ્રકારના બનાવોમાં શિક્ષણ વિભાગ લીપાપોતી કરવાને બદલે સંગીન પગલાં ભરે તેવી માંગ છે કર્મયોગી જેવી અનેક તાલીમોમાં લાખો રૂપિયા ખર્ચી નાખવામાં આવે છે ત્યારે કઈ પ્રકારની તાલીમ આ કૃત્ય આચરનાર નરાધમ શિક્ષકો મેળવી રહ્યા છે

વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, અ.મ્યુ.કોર્પો. ના નેતાશ્રી શેહજાદખાન પઠાણ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના નેતાશ્રી સોનલબેન પટેલ, મહિલા કોંગ્રેસ પ્રમુખશ્રી જેનીબેન ઠુંમર, શ્રી બિમલભાઈ શાહ, ગ્યાસુદીન શેખ, ધારાસભ્યશ્રી ઈમરાન ખેડાવાલા, શ્રી અશોક પંજાબી, શ્રી નિશિત વ્યાસ, શ્રી રઘુ દેસાઈ, ડૉ. મનિષ દોશી, શ્રી પંકજભાઈ શાહ, શ્રી બળદેવભાઈ લુણી, શ્રી રાજુભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી હેમાંગ રાવલ, શ્રી હિમાંશુભાઈ પટેલ, શ્રી પાર્થિવરાજસિંહ કઠવાડીયા, શ્રી ઉમાકાંત માંકડ, શ્રી ઈકબાલ શેખ, શ્રી સી.એમ. રાજપુત, શ્રી ભરતભાઈ મકવાણા, શ્રી ભૂમન ભટ્ટ, શ્રી કિરણ પ્રજાપતિ, શ્રી કામિનીબેન સોની, શ્રી જ્યોર્જ ડાયસ, શ્રી જગદીશ રાઠોડ, શ્રી હેતાબેન પરીખ, શ્રી નેહલ દવે, શ્રી ભીખુભાઈ દવે સહિત મોટીસંખ્યામાં કાર્યકરો આગેવાનો દીકરીઓને ન્યાય મળે તે માટે ન્યાય પદયાત્રામાં જોડાયા હતા અને વિવેકાનંદજીની પ્રતિમા સમક્ષ બે મીનીટનું મૌન પાળીને દાહોદની ઘટનામાં દિકરીને ન્યાય મળે તે માટે શપથ લીધા હતા.

# રવિવારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો- ઓપ્રેટિવ હાઉસિંગ સોયટીની બાવનમી વાર્ષિક સાધારણ સભા મળશે

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કૉ- ઓપરેટિવ હાઉસિંગ સોાયટીની બાવનમી વાર્ષિક સાધારણ સભા સોસાયટીના પ્રમુખ પ્રો. જયદિપસિંહ ડોડિયાના અધ્યક્ષ સ્થાને તા. ૨૯/૦૪/૨૦૨૪ ને રવિવારના રોજ સવારે દશ વાગ્યે રૂદ્રમુખી હનુમાન મંદિર પરિસરમાં મળશે. તાજેતરમાંજ સુવર્ણ જયંતિ વર્ષ ખૂબજ ઉમંગપૂર્વક ઉજવનાર સૌરાષ્ટ યુનિવર્સીટી કર્મચારી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીને રાજકોટ મહાનગર પાલિકાની સ્માર્ટ સોસાયટીનો દરજ્જો મળેલ છે. આ સોસાયટીની આગામી રવિવારે સવારે દશ વાગ્યે યોજાનાર બાવનમી વાર્ષિક સાધારણ સભામાં સોસાયટીના ઉપ પ્રમુખ અને જાણીતાં ઉદ્યોગપતિ સજી મેથ્યુ, માનદ મંત્રી અને સીઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન અજયભાઈ જોશી, સહમંત્રી અજયસિંહ પરમાર, સહમંત્રી અને બિલ્ડર શ્રી રમેશ સભાયા, ડો. અનામિક શાહ, ડૉ. દર્શન ભટ્ટ, ડી. પી. ત્રિવેદી, શ્રીમતિ તૃપ્તિબેન અમરેલિયા, ઉદ્યોગપતિ શૈલેષ પટેલ, ઉદ્યોગપતિ શ્રીજીથ સુકુમારન્ નાયર, કૈલેશકુમાર તન્ના, જીતેશકુમાર પંડિત, મૌલિકસિંહ ભટ્ટી, એચ. એમ. રાજા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભરતભાઈ વાજા, એડવોકેટ મિહિરભાઈ ત્રિવેદી અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી દિવ્યેશભાઈ કગથરા સહિત વરિષ્ઠ સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

# દાંતાના પૂર્વ ધારાસભ્ય ના સોલાર પ્લાન્ટને લઈને દલપુરાના ૪૦૦ ખેડૂતો લડી લેવાના મૂડમાં, પ્રાંત અને પીઆઈને આવેદનપત્ર આપ્યુ.

ગુજરાત જેવાં વિકાસશીલ રાજયમાં આદીવાસી સમાજ સાથે અવારનવાર અન્યાય થવાની ઘટનાઓ વધવા પામી છે, ત્યારે આદીવાસી સમાજનો ગઢ ગણાતા દાંતા તાલુકાના દલપુરા ગામે ૧૭ એકર જમીનમાં સોલાર પ્લાન્ટ સ્થાપવાને લઈને દલપુરા ગામના ૪૦૦ કરતાં વધુ ખેડૂતો લડી લેવાના મૂડમાં જોવા મળી રહ્યા છે અને આજે દલપુરા ખાતેથી મહિલાઓ અને પુરુષ મોટી સંખ્યામાં આવેદનપત્ર લઈને દાંતા ખાતે એકઠા થયા હતા, જ્યાં તેમને દાંતા પ્રાંત અધિકારી અને દાંતા પોલીસ મથકે આવેદનપત્ર આપ્યું હતું અને દાંતાના પૂર્વ ધારાસભ્ય વસંત ભટોળ ઉપર ઘણા બધા આક્ષેપો કર્યા હતા.દલપુરાનાનાગરિકોએ જણાવ્યું હતું તે પાંચ દિવસમાં નિકાલ નહીં આવે તો તમે ઉગ્ર આંદોલન કરીશું અને તેની તમામ જવાબદારી સરકારની રહેશે.દાંતા તાલુકામાં આદિવાસી અત્યાચારની ઘટનાઓ વધવા પામી છે. થોડા સમય અગાઉ રેલવે પ્રોજેક્ટને લઈને આદીવાસી સમાજ વિરોધ કરતા જોવા મળ્યા હતા.સોમવારે પણ દાંતા તાલુકાના દલપુરા ગામનાં આદીવાસી સમાજના ખેડૂતો જમીનને લઈને અને સોલાર પ્લાન્ટને લઈને વિરોધ પર ઉતરી આવ્યા હતા અને ન્યાયની માંગણી સાથે દાંતા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. દાંતા પ્રાંત કચેરી ખાતે ભારે નારાઓ કરતા ખેડૂતો જોવા મળ્યા હતા. બીજી તરફ દાંતા પોલીસ સ્ટેશન ખાતે



પણ મોટી સંખ્યામાં આદીવાસી સમાજના લોકો એકઠા થઈને નારા લગાવ્યા હતા અને પીઆઈ મેડમને આવેદનપત્ર આપ્યું હતું. દલપુરા ખાતેથી ઢોલ લગાડીને મોટી સંખ્યામાં આદીવાસી ખેડૂતો દાંતા પહોચ્યાં હતાં અને નારાઓ લગાવીને વસંત ભટોળ સામે અનેકો આક્ષેપો કર્યા હતા. પ્રાંત કચેરી ખાતે ખેડૂતો આવતાં આખું પરિસર ભરાઈ ગયું હતુ.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.